## ગાંધીનગર જિલ્લામાં બે વર્ષમાં ૨૦૭ બાળકો ગુમ થયા

**૨૦૭માંથી ૧૭૬ બાળકો મળી ગયા કે પરત ફર્યા છે. જયારે ૪૦ બાળકોનો પત્તો હજુ પણ નથી**

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૨૦૭ બાળકો ગુમ થયાની ઘટના પ્રકાશમાં આવી છે. જેમાંથી ૧૭૬ બાળકો મળી ગયા કે પરત ફર્યા છે. જો કે ૪૦ બાળકોનો હજુ સુધી કોઈ ભાળ મળી નથી. ૧૪ થી ૧૮ વર્ષના કુલ ૧૪૨ બાળકો ગુમ થવા પાછળ મોટાભાગના કિસ્સામાં પ્રેમ પ્રકરણના કારણે નાસી ગયા હોવાનું બહાર આવ્યું છે.તો બીજી બાજુ ૧૦ વર્ષ સુધીના બાળકોના ગુમ થવાનું મુખ્ય કારણ સામાન્ય રીતે પરિક્ષામાં અસફળતા,વડીલોનો ઠપકો, કે સમાજીક કારણોસર માતાની સાથે ઘર છોડ્યું છે. આ આંકડા અને કારણો વિધાનસભા સત્રમાં માણસાના ધારાસભ્ય સુરેશકુમાર પટેલે પુછેલા સવાલના મુખ્યમંત્રીએ આપેલા જવાબમાંથી સામે આવ્યા છે. જે આંકડા તા.૧-૬-૨૦૧૭ થી તા.૩૧-૫-૨૦૧૯ સુધીના છે.

## વાવોલના સધી માતાના મંદિર પાસે બિમાર વાછરડાંની ઉપેક્ષા

ગાંધીનગર, તા. ૫

વાવોલના શાલ્વિક હોમ્સથી જીઆઈડીસી તરફના માર્ગે સધી માતાના મંદિર આગળ એક વાછરડુ અત્યંત બિમાર હાલતમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતુ જોવા મળી રહ્યું છે. આ વાછરડાંના માલિક અંગે કોઈ પત્તો મળ્યો નથી પરંતુ આ વાછરડાંને બચાવી લેવા ત્યાંથી પસાર થતા ગોપાલકો કે ઢોર ચરાવતા ગોવાળો સહિત મંદિરે આવતા કોઈ શ્રદ્ધાળુઓએ પણ તસ્દી લીધી નથી અને સૌ કોઈ તેને મૃત સમજી દૂરથી જ પસાર થઈ રહ્યાં હતા. આ સંજોગોમાં વાવોલના એક જીવદયાપ્રેમી દ્વારા કરૂણા હેલ્પલાઈન ૧૯૬૨ પર ફોન કરીને આ વાછરડાંને બચાવવા સારવારની મદદ માંગવામાં આવી હતી.

## બાલવા સરકારી પ્રાથમિક શાળામાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાયું

ગાંધીનગર, તા.૫

સ્વચ્છતા પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન દ્વારા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મોજે. બાલવા ગામ ગાંધીનગરની સરકારી પ્રાથમિક શાળા ખાતે યોજાનાર ચિત્ર સ્પર્ધામાં એચપીસીએલના માર્કેટીંગ મેનેજર રોનિલ ગુપ્તાએ હાજર રહી બાળકોને સ્વચ્છતાનું મહત્વ સમજાવ્યું હતું અને વિજેતાઓને પ્રોત્સાહક ઈનામો આપ્યા હતા. શાળાના આચાર્યા પ્રજ્ઞાબેન પટેલ, શાળા પરિવાર તથા એન.વી. પેટ્રોલીયમ અલુવા દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શાળાના બાળકો તથા નાગરિકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

# સીટબેલ્ટ-હેલમેટ વિનાના ચાલકોને દરરોજ ૪૦૦ થી વધુ ઈ-મેમા મળે છે

ગાંધીનગર, તા.૫

ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન ગાંધીનગરાઓ કરે તે માટે માર્ગો પર ઠેરઠેર સીસીટીવી ફીટ કરવામાં આવ્યા છે. ઈ-ચલણનો પ્રારંભ ૨૦ નવેમ્બર ૨૦૧૮ ના રોજથી કરવામાં આવ્યો હતો. પ્રારંભિક તબક્કામાં સીટબેલ્ટ અને હેલ્મેટ માટે ઈ-ચલણના મેમા આપવામાં આવતા ન હોતા. જો કે ૨૫ જુનથી શહેરમાં હેલમેટ અને સીટબેલ્ટ માટે ઈ ચલણ આપવાનો પ્રારંભ કરાયો છે. જેને અનુલક્ષી પહેલા ૪૦૦ થી ૫૦૦ ઈ મેમા નીકાળવામાં આવતા હતા તેની સામે હવે રોજના ૮૦૦ ની આસપાસ ઈ ચલણ આપવામાં આવે છે. એટલે કે ૪૦૦ જેટલા તો ઈ ચલણ તો માત્ર હેલમેટ અને સીટબેલ્ટવાળાને જ આપવામાં આવ્યા છે. છેલ્લા અગીયાર દિવસમાં જ ગાંધીનગર શહેરમાં હેલમેટ, સીટબેલ્ટ, રોંગસાઈડ ડ્રાઈવીંગ, નો પાર્કીંગ, ફેન્સી નંબર પ્લેટ, અને ઓવરલોડ વાહનો મળીને કુલ ૧૧ હજાર ઈ-ચલણ આપવામાં આવ્યા છે. જેમાં સાડાચાર હજાર તો મેમા તો માત્ર સીટબેલ્ટ અને હેલમેટ માટેના જ હોવાનું પ્રકાશમાં આવ્યું છે.

ગાંધીનગર શહેરમાં નવેમ્બર માસથી પ્રારંભ કરાયેલા ઈ મેમો સીસ્ટમમાં તંત્ર દ્વારા ૩૧ મે ૨૦૧૯ સુધીમાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ વાહન ચાલકોને ઈ મેમો થી કુલ રૂ.૫૭,૭૯,૬૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો છે. જે કે તેની સામે માત્ર રૂ.૧૧,૬૭,૭૭૦ દંડ પેટે જમા થયા છે. એટલે કે ૪૬,૧૧,૮૩૦ રૂપીયાનો દંડ બિન્દાસ રીતે ટ્રાફિક નિયમો તોડતા વાહનચાલકોએ ભર્યો જ નથી. જો કે ઈ મેમો નહી ભરતા વાહનચાલકો સામે દંડનીય પગલા ભરવા માટે પણ સિસ્ટમ ગોઠવવાની તૈયારીઓ ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે.



ભગવાન જગન્નાથની રથયાત્રા ની પૂર્વ સંધ્યાએ ગાંધીનગર શહેરને પ્લાસ્ટિક મુક્ત બનાવવા તથા પર્યાવરણની જાળવણી કરવા ના ઉમદા આશય સાથે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા પ્રમુખ અરૂણભાઈ બુચના માર્ગદર્શન હેઠળ કુડાસણ સ્થિત શાક માર્કેટ ખાતે શાકભાજી ખરીદવા આવેલ બહેનોને સિતારામભાઈ પટેલ, પ્રદીપ સોલંકી તથા પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીના વિદ્યાર્થી જય તથા ગોપાલ દ્વારા કાપડની થેલીનું વિતરણ કરવામાં આવ્યું હતું.



સે-૧ની શાળાના બાળકો દ્વારા રથયાત્રા મહોત્સવ મનાવાયો હતો.

# સેકટર-૬ની બાંધકામ સાઈટ પર દટાઈ જતા બાળકનું મૃત્યુ

ગાંધીનગર,તા.૫

ગાંધીનગર શહેરના સેકટર-૬ માં ચાલી રહેલી બાંધકામ સાઈટ પર શુક્રવારની સાંજે અચાનક એક બાળક દટાઈ જવાની ઘટના પ્રકાશમાં આવી છે. માટીમાં ત્રણ ફુટ સુધી દટાઈ જતા બાળકનું મૃત્યું નિપજયું છે. બાળકના પરિવારજનો તાત્કાલીક બાળકને લઈને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા અને ત્યાંથી ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા પરંતુ બાળક બચી શક્યુ ન હતું.

સ્થાનિક પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ શહેરના સેકટર-૬ ભુવનેશ્વર મહાદેવ મંદિરની બાજુમાં સરકારી રહેણાંક મકાનોની બાંધકામ સાઈટ ચાલી રહી છે. ત્યાં શુક્રવારના ૫.૩૦ કલાકના અરસામાં જેસીબી દ્વારા માટીનું કામકાજ ચાલી રહ્યું હતું. તે સમયે માટીના ઢગલા પાસે જ અંદાજીત બે કે અઢી વર્ષનું બાળક આ માટીમાં રમી રહ્યું હતું અને તેના પરિવારના સભ્યો પણ ત્યાં કામ કરી રહ્યા હતા. તે સમયે અચાનક બાળક માટી નીચે દટાઈ ગયું હતું. જો કે અન્ય બાળકોએ બાળક દટાઈ જતા હોહા કરતા ખબર પડતા જેસીબીનો ડ્રાઈવર જેસીબી મુકીને ભાગી ગયો હતો. તો બીજીતરફ માટીના ઢગલામાં શોધખોળ કરતા બાળક મળી આવ્યું હતું અને તેને તાત્કાલીક ગાંધીનગર સિવિલ લઈ જવામાં આવ્યું હતું અને ત્યાંથી ખાનગી હોસ્પિટલમાં બાળક લઈ જવાયું હતું. પરંતુ જાણવા મળ્યા મુજબ બાળકનું પ્રાણપંખેરુ ઉડી ગયું હતું. બાળકના અચાનક અવસાનથી તેના પરિવારજનો પર આભ ફાટી પડ્યું હતું. જો કે આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી પોલીસમાં ફરીયાદ નોંધાઈ નથી. ત્યારે ઉલ્લેખનીય છે કે અઠવાડીયમાં બાંધકામ સાઈટ પરનો આ બીજો બનાવ છે અગાઉ સેકટર-૩૦ ખાતે કલરકામ કરતો યુવાન ઝુલા પરથી પડી જતા તેનું મૃત્યું નિપજયું હતું.

## ભાજપ દ્વારા આજથી સભ્ય નોંધણી ઝૂંબેશ હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૫

ભાજપના સ્થાપક ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીની જન્મજયંતિ નિમિત્તે આજથી જિલ્લા ભાજપમાં સંગઠ્ઠન પર્વની ઉજવણીનો પ્રારંભ થશે.

પૂર્વ સાંસદ જયશ્રીબેન પટેલની ઉપસ્થિતિમાં નવા સદસ્યોની નોંધણી કરાશે. ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતિ આલમપુર ખાતે યોજાયેલ આ સમારોહમાં ધારાસભ્યો શંભુજી ઠાકોર, બલરાજસિંહ ચૌહાણ, પૂર્વ ધારાસભ્યો ડૉ. અતુલ પટેલ, અમીતભાઈ ચૌધરી, પોલીસ આવાસ નિગમના ચેરમેન ડી.ડી. પટેલ ઉપરાંત સંગઠ્ઠન પર્વના ઈન્ચાર્જ હિતેન્દ્ર પટેલ, સહ ઈન્ચાર્જ અમરસિંહ ચૌહાણ, દેવ્યાનીબેન ત્રિવેદી તેમજ જિલ્લા ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. આ સંગઠ્ઠન પર્વની ઉજવણીને લઈ દરેક તાલુકા કક્ષાએ કાર્યશાળાઓ આ અગાઉ યોજાઈ ગઈ છે. જે નોંધનીય છે.

## રવિવારે ''મેરી આવાઝ સુનો'' કરાઓકે કલબના ઓડિશન યોજાશે

ગાંધીનગર, તા. ૫

ન્યુ ગાંધીનગરના કુડાસણ ખાતે સ્થિત સનરાઈઝ આર્કેડમાં શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો દ્વારા ''મેરી આવાઝ સુનો'' કરાઓકે કલબ અંતર્ગત આગામી તા. ૭મી જુલાઈ રવિવારના રોજ સાંજે ૬ કલાકથી કરાઓકે ટ્રેક શૉના ઓડીશન્સનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઓડિશન્સમાં ગાંધીનગરના ફિલ્મી ગીતો ગાવાના શોખીનોને પરફોર્મન્સ માટે સ્ટેજ પુરૂ પાડવામાં આવશે. આ અંગે વધુ માહિતી માટે શ્રવણ પરમારનો મો. નં. ૯૪૨૭૩૧૮૦૭૩ અથવા ભરત વાણીયાનો મો. નં. ૮૨૦૦૯૨૧૭૬૬ પર સંપર્ક સાધવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# ચિલોડાના અંતિમ સંસ્કારધામ ખાતે સેવાભાવી સંસ્થાઓ દ્વારા વૃક્ષારોપણ

ચિલોડા, તા. ૫

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગ્રામ પંચાયત તથા



જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ગામની વિવિધ સહયોગી સંસ્થાઓ દ્વારા પર્યાવરણવાદી નાગરિકોના સાથ સહકારથી ગામમાં બની રહેલુ નવનિર્મિત અંતિમ સંસ્કારધામના વિકાસપંથ સાથે દોઢ વીઘાની નિયત જગ્યાએ હાલમાં પ્રોટેકશન આર.સી. દિવાલ-ઓરડી તથા સોલર લાઈટ-પાણીનું કનેક્શનની સુવિધાયુક્ત અંતિમધામને હરિયાળુ બનાવવાના નેમ સાથે ચિલોડા ગામ પંચાયતે બીડુ ઝડપ્યુ છે. ત્યારે પર્યાવરણવાદી નાગરિકોએ ૨ જુલાઈના રોજ વૃક્ષારોપણના કાર્યક્રમ અંગેની નિયત સ્થળે જગ્યાએ આગોતર છોડના જરૂરી ૩૫૦ ખાડાનું કામ પૂર્ણ કરી ૩૫૦ લીમડાના તેમજ અન્ય વૃક્ષોના છોડનું વાવેતર કરવાનું અભિયાનમાં ચિલોડા ગ્રામ પંચાયતના સરપંચ વસુમતીબેન પટેલ, જિલ્લા કાનૂની સેવા મંડળના પી.એલ.વી. નટુભાઈ પટેલ, મંડળીના ચેરમેન જૈમિન પટેલ, દૂધમંડળીના ચેરમેન મહેશભાઈ પટેલ, અગ્રણી દિનેશભાઈ પટેલ, ધનજીભાઈ પટેલ, ઉમેદજી ઠાકોર, રમણભાઈ પટેલ, રામાભાઈ પટેલ, પ્રહલાદભાઈ પટેલ, સંજય ઠાકોર, શામળભાઈ પટેલ તથા અન્ય ગામ આગેવાનો, તલાટી કમ મંત્રી રાજુભાઈ ચૌધરી, ગ્રામસેવક જગદીશભાઈ તમામના હસ્તે એક-એક વૃક્ષનું વાવેતર કર્યુ હતુ. આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં તમામ પર્યાવરણવાદીઓએ રોપેલ વૃક્ષનું જતન-માવજત અને ઉછેરમાં નિયમિત પાણી અને દેખરેખ રાખવા, વૃક્ષ-જતન-જાળવણી થાય તેવા પ્રયાસો હાથ ધરી એક વર્ષ સુધી ઉછેરમાં સહભાગી બનતા નેમ લીધી હતી. આમ અંતિમધામ એક હરિયાળુ ધામ બને તેવા સૌનો સાથ-સૌનો વિકાસના મંત્રીને સાર્થક કરવા કટીબદ્ધતા વ્યક્ત કરી હતી.




## ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજમાં કાલિદાસ જયંતિ ઉજવાઈ

ગાંધીનગરના સેક્ટર-૭માં પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજમાં 'કાલિદાસજયંતિ' નિમિત્તે ''આષાઢસ્ય પ્રથમ દિને'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રકૃતિના સાનિધ્યમાં અપાતી કૃતિઓમાંથી ઉપદેશ લઈને વૃક્ષ ઉછેરવા અંગે શપથગ્રહણ કરાવવામાં આવ્યાં હતા. આ પ્રસંગે કોલેજના આચાર્ય ડૉ. એસ.એમ. ચૌધરીએ વિદ્યાર્થિનીઓને સંસ્કૃતના મહાકવિ કાલિદાસ તથા તેમની કૃતિઓથી માહિતગાર કરી તેનુ રસાસ્વાદ કરાવ્યો હતો. આ સાથે કોલેજના સંસ્કૃત વિભાગના ડૉ. રાકેશભાઈએ પ્રકૃતિના જતનનું મહત્વ સમજાવ્યુ હતુ. આ કાર્યક્રમમાં નિશા બારોટ ગૃપ તેમજ ડૉ. મીના વ્યાસ સહભાગી બન્યા હતા તેમજ સંધ્યાએ વરસાદનું સુંદર ગીત રજુ કરી કાર્યક્રમને જીવંત બનાવી દીધો હતો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કોલેજની સંસ્કૃત રસિક વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી.

# હરેન પંડ્યા મર્ડર કેસના ૧૨ આરોપી દોષિત જાહેર

ગાંધીનગર,તા.૫

સમગ્ર ગુજરાતને હચમચાવી મુકનાર પૂર્વ ગૃહમંત્રી હરેન પંડ્યાની હત્યાના મામલામાં નીચલી કોર્ટના ચુકાદાને યોગ્ય ઠેરવીને સુપ્રીમ કોર્ટે આજે ૧૨ લોકોને દોષિત ઠેરવ્યા હતા. ૨૬મી માર્ચ ૨૦૦૩ના દિવસે અમદાવાદમાં ગુજરાતના પૂર્વ ગૃહમંત્રી હરેન પંડ્યાની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી. સીબીઆઈ મુજબ ૨૦૦૨ના ગુજરાત રમખાણોનો બદલો લેવા માટે પંડ્યાની હત્યા કરવામાં આવી હતી. ગુજરાત હાઈકોર્ટના ૨૦૧૧ના આદેશને બાજુમાં મુકીને સુપ્રીમ કોર્ટે નીચલી કોર્ટના ચુકાદાને યોગ્ય ઠેરવ્યો હતો. ગુજરાત હાઈકોર્ટે હત્યાના ૧૨ આરોપીઓને નિર્દોષ છોડી મુક્યા હતા. ઉલ્લેખનીય છે કે, ગુજરાત હાઈકોર્ટે ૨૦૧૧માં ૧૨ આરોપીઓની દોષમુક્ત જાહેર કર્યા હતા. જેને પગલે ગુજરાત સરકાર અને સીબીઆઈએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. આ દોષિતોમાં અસગર અલી, મહમ્મદ રઉફ, મહમ્મદ પરવેઝ અબ્દુલ ક્યૂમ શેખ, પરવેઝ ખાન પઠાણ ઉર્ફે અથર પરવેઝ, મહમ્મદ ફારૂક ઉર્ફે હાજી ફારૂક, શાહનવાઝ ગાંધી, કલીમ અહમદ ઉર્ફે કલીમુલ્લા, રેહાન પુઠાવાલા, મહમ્મદ રિયાઝ સરેસવાલા, અનિલ માચિસવાલા, મહમ્મદ યુનુસ સરેસવાલા અને મહમ્મદ સઈફુદ્દીનનો સમાવેશ થાય છે. ૨૬ માર્ચ, ૨૦૦૩ના રોજ અમદાવાદના લો ગાર્ડન પાસે પોઈન્ટ બ્લેન્ક રેન્જથી કારમાં હરેન પંડ્યાની હત્યા કરવામાં આવી હતી. ત્યાર બાદ આ હત્યા કેસમાં તત્કાલીન કેન્દ્રીય ગૃહમંત્રી એલ.કે અડવાણીએ અંડરવર્લ્ડની સંડોવણીની શંકા વ્યક્ત કરી હતી. આ હત્યાને પગલે એપ્રિલ, ૨૦૦૩માં હૈદરાબાદમાંથી અસગર અલી તથા ચાર અન્ય આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. ત્યાર બાદ ૨૫ જૂન, ૨૦૦૭ના રોજ હરેન પંડ્યા હત્યા કેસમાં નવને આજીવન કેદ, બે આરોપીઓને સાત વર્ષની કેદ ફટકારવામાં આવી હતી.

## અલ્પેશ ૨૦ કરોડમાં વેચાયો હોવાનો ગંભીર આક્ષેપ થયો

ગાંધીનગર, તા.૪

કોંગ્રેસમાંથી ચૂંટાયેલા ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે આજે રાજ્યસભા ચૂંટણીમાં મતદાન કર્યા બાદ ભાજપના નેતાઓ સાથે સતત સંપર્ક વધારીને મત ગણતરી પહેલા જ વિધાનસભાના અધ્યક્ષને ધારાસભ્યપદેથી રાજીનામું સોંપી દીધું હતું. અલ્પેશ ઠાકોરના આ વલણથી અકળાઈ ઉઠેલા કોંગ્રેસના કાર્યકરો-સમર્થકોએ એક તબક્કે અલ્પેશ ઠાકોરની વિરૂદ્ધમાં જોરદાર સુત્રોચ્ચારો પોકાર્યા હતા કે, અલ્પેશ ઠાકોર ૨૦ કરોડોમાં વેચાયો છે. ગદ્દાર અલ્પેશ હાય...હાય...ના નારાઓ અને સૂત્રોચ્ચારને પગલે વિધાનસભા પ્રાંગણ ગુંજી ઉઠયુ હતુ અને રાજકારણ ગરમાયુ હતું. તો બીજબાજુ, કોંગ્રેસના આ સુત્રોચ્ચારોથી અલ્પેશ ઠાકોર અને તેના સાથી ભાજપના ધારાસભ્યોમાં સોંપો પડી ગયો હતો. દરમ્યાન આજે અલ્પેશ ઠાકોરે ધારાસભ્યપદેથી રાજીનામું આપ્યા બાદ જણાવ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીમાં છેલ્લા ઘણા વર્ષોથી મારી સાથે અયોગ્ય વર્તન કરવામાં આવતું હતું. કોંગ્રેસ મને ખોટી રીતે બદનામ કરતી હોવાનો આક્ષેપ કરી જણાવ્યું કે, આજની રાજ્યસભાની ચૂંટણીમાં થયેલા મતદાનમાં મેં મારા અંતર આત્માના અવાજથી દેશના નેતૃત્વને મારો મત આપ્યો છે. આજે કોંગ્રેસના ધારાસભ્ય પદેથી રાજીનામું આપ્યા બાદ હું માનસિક ત્રાસથી મુક્ત થયો છું અને આવનાર દિવસોમાં મારા સમાજ તેમજ ગરીબ વંચિતોના લાભ માટે યોગ્ય નિર્ણય કરીશ અને પ્રજા માટે કામ કરીશ. હું કોંગ્રેસ પક્ષની કાર્યશૈલીથી કંટાળ્યો હતો. મેં ઘણો સમય રાહ જોઈ અને ત્યારબાદ રાજીનામું આપ્યું છે.

અલ્પેશે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે, તે તકવાદી નેતા નથી. જ્યારે અલ્પેશ ઠાકોરની સાથે તેમના સાથીદાર ધવલસિંહ ઝાલાએ પણ કોંગ્રેસના ધારાસભ્ય પદેથી રાજીનામું આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, પ્રજાનું કામ કરવાની અને પ્રજા સાથે કામ કરવાની તમન્ના હતી. પરંતુ આવું ન થતાં કોંગ્રેસનાં ધારાસભ્ય પદેથી રાજીનામું આપી દીધું છે. જો કે, આ બંને ધારાસભ્યોના રાજીનામા પણ રાજકીય સ્વાર્થ વધુ હોવી હોવાની ચર્ચા પણ રાજકીય ગલિયારામાં તેજ બની હતી.

# નવા ભારતના સંકલ્પને સિદ્ધ કરનાર બજેટ રહ્યું : વાઘાણી

**ભારત હવે ૫ ટ્રિલિયનનું અર્થતંત્ર બને તે દિશામાં રૂપરેખા અંદાજપત્રમાં નક્કી કરવામાં આવી : વાઘાણીની પ્રતિક્રિયા**

આજરોજ ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ પુનઃ એકવાર પ્રચંડ બહુમતીથી કેન્દ્રમાં બનેલી મોદી સરકારના પ્રથમ બજેટને આવકારતા જણાવ્યું હતું કે, દેશના પ્રથમ પૂર્ણ સમયના મહિલા નાણામંત્રી નિર્મલા સીતારમનજીએ ગામડું, ગરીબ, ખેડૂત, યુવા, મહિલા, મધ્યમવર્ગ સહિત તમામ લોકોના સર્વાંગી વિકાસ અને સમૃદ્ધિ માટેનું સર્વજનહિતાય - સર્વજનસુખાય મંત્ર સાથેનું બજેટ આપ્યું છે ત્યારે હું નવા ભારતના સંકલ્પને સિધ્ધ કરવા માટેનું ઐતિહાસિક બજેટ આપવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર અને નાણા મંત્રી નિર્મલા સીતારમનજીનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરું છું. વાઘાણીએ જણાવ્યું હતું કે, ''સમૃધ્ધ ભારત - સક્ષમ ભારત''ના નિર્માણ માટેની જોગવાઈઓ સાથે ભારત પાંચ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બને, આર્થિક મહાસત્તા બને તે માટેનો રોડમેપ આ બજેટમાં રજૂ કરવામાં આવ્યો છે. ગ્રામિણ ક્ષેત્ર પર વિશેષ ધ્યાન આપી ખેડૂતોની સમૃધ્ધિ-સુખાકારીમાં વધારો થાય અને આગામી ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના સંકલ્પને સિધ્ધ કરવા માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. દેશનો અન્નદાતા એ ઉર્જાદાતા પણ બને અને ખેતપેદાશોની સાથે સાથે ખેતરમાં વીજળીનું પણ ઉત્પાદન કરી વધારાની આવક મેળવી શકે તે માટેનું વિશેષ આયોજન આ બજેટમાં કરવામાં આવ્યું છે. વાઘાણીએ મહાત્મા ગાંધીજીની વિચારધારાને યાદ કરતા જણાવ્યું હતું કે, ગાંધીજી કહેતા હતા કે ગામડું એ ભારતનો આત્મા છે. આવતા પાંચ વર્ષમાં સવા લાખ કિલોમીટર ગ્રામીણ સડકોનું નિર્માણ થશે, તેના માટે ૮૦,૨૫૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. ગ્રામીણ ક્ષેત્રોની સમૃધ્ધિ અને સુખાકારી માટે ઝીરો બજેટ ખેતી, ખેતપેદાશોના ટેકાના ભાવમાં વધારો, નવિન ૧૦૦ જેટલા એગ્રીકલ્ચરલ કલસ્ટરનું નિર્માણ, દરેક ગામમાં વીજળી, પાણી, સડક અને પીવાનું શુધ્ધ પાણી સહિતની સગવડતાઓ મળી રહે તે માટેનું આયોજન આ બજેટમાં કરવામાં આવ્યું છે. વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, મધ્યમ વર્ગના કરદાતાઓને પાંચ લાખ સુધીની આવક પર ઝીરો ટેક્સ, ''નારી તું નારાયણી'' યોજના હેઠળ જનધન ખાતા ધારક મહિલાઓને પાંચ હજાર રૂપિયાનો ઓવરડ્રાફ્ટ તેમજ મુદ્રા યોજના હેઠળ એક લાખની લોનની બજેટમાં વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. ૪૫ લાખ રૂપિયાની કિંમત સુધીનું ઘર ખરીદનારને હોમ લોનના વ્યાજ પરની છૂટ દોઢ લાખ રૂપિયા વધારીને કુલ ૩.૫ લાખ રૂપિયા કરવામાં આવી છે, જેથી મધ્યમ વર્ગને પોતાનું ઘર ખરીદવા માટે વિશેષ રાહત મળશે. નવનિર્મિત જળશક્તિ મંત્રાલય દ્વારા ''હર ઘર જલ'' યોજના દ્વારા ''જલ જીવન મિશન ૨૦૨૪''ની ઘોષણા કરવામાં આવી છે, જે અંતર્ગત દરેક ઘરમાં પીવાનું શુધ્ધ પાણી પહોંચાડવા માટેનો નિર્ધાર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત આગામી સમયમાં પ્રધાનમંત્રી ગ્રામીણ ડિજિટલ સાક્ષરતા અભિયાન - ભારત નેટ દ્વારા દરેક ગ્રામ પંચાયતોને ઈન્ટરનેટ કનેકટીવિટી સાથે જોડવામાં આવશે.

દેશભરની યુવાપેઢીમાં ઉદ્યોગ સાહસિકતા વધે તેમજ દેશનો યુવાન જોબસીકર નહીં પરંતુ જોબગીવર બને તે માટે સ્ટાર્ટઅપ્સના વ્યાજમાં વિશેષ રાહતો તથા સ્વરોજગાર ઈચ્છુકોને સહેલાઈથી ફંડ મળી રહે તે માટે પણ વિશેષ જોગવાઈ દેશના બજેટમાં પ્રથમવાર કરવામાં આવી છે તેમ શ્રી વાઘાણીએ અંતમાં જણાવ્યું હતું.